# રાજકોટ ડિવિઝનમાં ડબલ ટ્રેકના કામને કારણે ૨ ઓક્ટોબર સુધી રેલ ટ્રાફિકને અસર થશે

અમદાવાદ, રાજકોટ ડિવિઝનના સુરેન્દ્રનગર-રાજકોટ સેક્શનમાં આવેલા સિંધાવદર-કણકોટ-ખોરાણા-બિલેશ્વર સેક્શનમાં ડબલ ટ્રેકના કામ માટે બ્લોક લેવામાં આવશે, જેના કારણે ૨૨ સપ્ટેમ્બરથી લઈને ૨ ઓક્ટોબર, ૨૦૨૨ સુધી રેલ ટ્રાફિકને અસર થશે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ શ્રી અભિનવ જેફ ના જણાવ્યા અનુસાર, જે ટ્રેનોને અસર થશે તેની વિગતો નીચે મુજબ છેઃ

**રદ કરાયેલી ટ્રેનોઃ**

- ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા - જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ ૨૩.૦૯.૨૦૨૨ થી ૦૧.૧૦.૨૦૨૨ સુધી રદ.
- ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર - વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ ૨૪.૦૯.૨૦૨૨ થી ૦૨.૧૦.૨૦૨૨ સુધી રદ.
- ટ્રેન નંબર ૧૯૫૭૩ ઓખા-જયપુર એક્સપ્રેસ ૨૬.૦૯.૨૦૨૨ ના રોજ રદ.
- ટ્રેન નંબર ૧૯૫૭૪ જયપુર-ઓખા એક્સપ્રેસ ૨૭.૦૯.૨૦૨૨ ના રોજ રદ.
- ટ્રેન નંબર ૨૨૯૦૮ હાપા-મડગાંવ એક્સપ્રેસ ૨૮.૦૯.૨૦૨૨ ના રોજ રદ.
- ટ્રેન નંબર ૨૨૯૦૭ મડાગાવ-હાપા એક્સપ્રેસ ૩૦.૦૯.૨૦૨૨ ના રોજ રદ.
- ટ્રેન નંબર ૨૨૯૩૯ હાપા-બિલાસપુર એક્સપ્રેસ ૨૪.૦૯.૨૦૨૨ ના રોજ રદ.
- ટ્રેન નંબર ૨૨૯૪૦ બિલાસપુર-હાપા એક્સપ્રેસ ૨૬.૦૯.૨૦૨૨ ના રોજ રદ.
- ટ્રેન નંબર ૧૯૩૨૦ ઈન્દોર-વેરાવળ મહામના એક્સપ્રેસ ૨૭.૦૯.૨૦૨૨ ના રોજ રદ.
- ટ્રેન નંબર ૧૯૩૧૯ વેરાવળ - ઈન્દોર મહામના એક્સપ્રેસ ૨૮.૦૯.૨૦૨૨ ના રોજ રદ.

**આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનોઃ**

- ટ્રેન નંબર ૧૯૨૦૯ ભાવનગર-ઓખા એક્સપ્રેસ ૨૨.૦૯.૨૦૨૨ થી ૩૦.૦૯.૨૦૨૨ સુધી ભાવનગરથી સુરેન્દ્રનગર સુધી ચલાવવામાં આવશે. આમ, આ ટ્રેન સુરેન્દ્રનગર-ઓખા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
- ટ્રેન નંબર ૧૯૨૧૦ ઓખા - ભાવનગર એક્સપ્રેસ ૨૩.૦૯.૨૦૨૨ થી ૦૧.૧૦.૨૦૨૨ સુધી સુરેન્દ્રનગરથી ભાવનગર સુધી દોડશે. આમ, આ ટ્રેન ઓખા-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
- ટ્રેન નંબર ૧૨૨૬૭ મુંબઈ સેન્ટ્રલ - હાપા દુરંટો એક્સપ્રેસ ૨૨.૦૯.૨૦૨૨ થી ૩૦.૦૯.૨૦૨૨ સુધી મુંબઈ સેન્ટ્રલથી સુરેન્દ્રનગર સુધી ચલાવવામાં આવશે. આમ આ ટ્રેન સુરેન્દ્રનગર-હાપા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
- ટ્રેન નંબર ૧૨૨૬૮ હાપા - મુંબઈ સેન્ટ્રલ દુરંટો એક્સપ્રેસ સુરેન્દ્રનગરથી મુંબઈ સેન્ટ્રલ સુધી ૩૦.૦૯.૨૦૨૨ થી ૦૧.૧૦.૨૦૨૨ સુધી ચલાવવામાં આવશે. આમ, આ ટ્રેન હાપા-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
- ટ્રેન નંબર ૧૯૧૧૯ અમદાવાદ-સોમનાથ ઈન્ટરસિટી એક્સપ્રેસ ૨૩.૦૯.૨૦૨૨ થી ૦૧.૧૦.૨૦૨૨ સુધી અમદાવાદથી સુરેન્દ્રનગર સુધી ચલાવવામાં આવશે. આમ આ ટ્રેન સુરેન્દ્રનગર-સોમનાથ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
- ટ્રેન નંબર ૧૯૧૨૦ સોમનાથ-અમદાવાદ ઈન્ટરસિટી એક્સપ્રેસ ૨૩.૦૯.૨૦૨૨ થી ૦૧.૧૦.૨૦૨૨ સુધી સુરેન્દ્રનગરથી અમદાવાદ સુધી ચલાવવામાં આવશે. આમ આ ટ્રેન સોમનાથ-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
- ટ્રેન નંબર ૨૨૯૨૩ બાંદ્રા - જામનગર હમસફર એક્સપ્રેસ બાંદ્રાથી સુરેન્દ્રનગર ૨૨.૦૯.૨૦૨૨, ૨૪.૦૯.૨૦૨૨, ૨૬.૦૯.૨૦૨૨ અને ૨૯.૦૯.૨૦૨૨ના રોજ દોડશે. આમ આ ટ્રેન સુરેન્દ્રનગર-જામનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
- ટ્રેન નંબર ૨૨૯૨૪ જામનગર - બાંદ્રા હમસફર એક્સપ્રેસ ૨૩.૦૯.૨૦૨૨, ૨૫.૦૯.૨૦૨૨, ૨૭.૦૯.૨૦૨૨ અને ૩૦.૦૯.૨૦૨૨ ના રોજ સુરેન્દ્રનગરથી બાંદ્રા સુધી દોડશે. આમ આ ટ્રેન જામનગર-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

**માર્ગમાં મોડી થનાર ટ્રેનોઃ**

બ્લોક અવધિ માટે એટલે કે ૨૩.૦૯.૨૦૨૨ થી ૦૧.૧૦.૨૦૨૨ સુધી માર્ગમાં મોડી થનાર ટ્રેનોની વાર મુજબની વિગતો નીચે મુજબ છેઃ

ટ્રેન નંબર ૨૨૯૩૮ રેવા-રાજકોટ સુપરફાસ્ટ એક્સપ્રેસ દર મંગળવારે ૧ કલાક મોડી પડશે, ટ્રેન નંબર ૧૯૫૬૭ તુતીકોરીન-ઓખા વિવેક એક્સપ્રેસ દર મંગળવારે ૧ કલાક ૧૦ મિનિટ મોડી પડશે અને ટ્રેન નંબર ૧૫૦૪૫ ગોરખપુર-ઓખા એક્સપ્રેસ દર શુક્રવારે ૧ કલાક મોડી પડશે.

રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેનોના સંચાલનને લગતી નવીનતમ અપડેટ્સ માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય.

## માલધારીઓ ગૌચરની જમીન દબાવવા બાબતે વિસાવદર બંધ પાળી રેલી યોજી રજૂઆત કરી

જૂનાગઢ, વિસાવદર ગૌ રક્ષા સમિતિ અને સોનલ ગ્રુપ સમિતિ દ્વારા રોજ વિસાવદર બંધનુ એલાન આપવામાં આવ્યું હતુ. ત્યારે વિસાવદરના તમામ વેપારી દ્વારા પોતાના વેપાર ધંધા બંધ રાખીને સંપૂર્ણ ટેકો આપેલો હતો. માલધારીઓનો અવાજ સરકાર સુધી પહોંચાડવા માટે બંધનુ એલાન આપેલું હતુ. વિસાવદરમા માલધારી સમાજ દ્વારા ગૌચરની જમીન ખુલી કરાવવા માટે અવર નવાર રજૂઆત કરેલી હોવા છતાં પણ ગૌચરની જમીન ખુલી નહીં કરાવીને ગૌચરમા પેશ કદમી કરી અને માલધારી પોતાનું ગૌચર ચરાવવા જાય ત્યારે ખોટી રીતે પોલીસ કેસ કરીને માલધારીઓને હેરાન કરવામાં આવતા હોવાથી બંધ પાળવામાં આવ્યું છે.

# રાજકોટમાં એરપોર્ટ રોડ પર ડેરીમાં તોડફોડ કરી ૮૦ લીટર દૂધ વહાવી દીધું



રાજકોટ, રાજકોટમાં આજે માલધારી સમાજનો વિરોધ ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. ઢોર નિયંત્રણના કાયદાના વિરોધમાં માલધારી સમાજ દ્વારા દૂધનું વેચાણ બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે પરંતુ હાલ જે ધંધાર્થીઓ દ્વારા દૂધનું વેચાણ કરવામાં આવી રહ્યું છે તેમને પણ માલધારીઓના રોષનો શિકાર બનવું પડી રહ્યું છે. જ્યાં એરપોર્ટ રોડ પર દૂધની ડેરી પર માલધારીઓનું ટોળું ત્રાટક્યું હતું અને ડેરીમાં તોડફોડ કરી ૮૦ લીટર દૂધ રસ્તા પર વહાવી દીધું હતું. જ્યારે કાલાવડ રોડ પર મેટોડા જીઆઈડીસી નજીક દૂધનું ટેક્કર અટકાવીને દૂધ રસ્તા પર ઢોળી નાખ્યું હતું. જેને પગલે દૂધની રેલમછેલ થઈ ગઈ હતી. સોખડા ચોકડી પર તો દૂધ ભરેલા કેનના કેન ખાલી ર્ક્યા હતા. જેને પગલે રસ્તા ઉપર રસ્તા પર દૂધની નદી વહેતી થઈ ગઈ હતી. મોટી સંખ્યામાં લોકોનું ટોળું મારી દુકાને આવ્યું હતું અને મને ડેરી બંધ કરવાનું કહ્યું હતું. મેં વિનંતી કરી હતું કે તે તાત્કાલિક ડેરી બંધ કરી દઈશ, છતાં પણ મારી વાત સાંભળ્યા વિના ફ્રીઝમાંથી દૂધની થેલીઓ કાઢીને તેને રસ્તા પર વહાવી દીધી હતી અંદાજે ૭૦ થી ૮૦ લીટર જેટલુ દૂધ વેડફાય જતા પથી૬ હજાર રૂપિયાનું નુકસાન થયું છે. હાલ ઘટના સ્થળે પોલીસની ટીમ પહોંચી હતી અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. બીજી તરફ સોખડા ચોકડી પાસે જાણે દૂધની નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. કારણકે માલધારીઓ દ્વારા હજારો લિટર દૂધને રસ્તા પર વહાવી દેવામાં આવ્યું હતું.જો કે મામલે માલધારી સમાજના આગેવાન રણજીત મુંધવાએ દુધનું નુકસાન ન કરવાની અપીલ કરી હતી અને સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું હતું કે, દૂધ મંદિરમાં આપવું ગરીબ લોકોને આપવું અથવા તો દ્વારકાધીશની ખીર બનાવી અને પ્રસાદ વિતરણ કરો મહેરબાની કરીને ક્યાંય પણ દૂધને વેડફો નહીં. લોકોએ પણ પૂર્વ તૈયારીના ભાગરૂપે દૂધની ખરીદી કરી લીધી હોવાનું સામે આવી રહ્યું છે. શ્રાદ્ધના દિવસો ચાલી રહ્યા હોય શ્રાદ્ધમાં ખીર ધરવામાં આવે છે અને તે કારણે દૂધની ડિમાન્ડ સામાન્ય દિવસો કરતા હાલના દિવસોમાં વધી છે આ સમયે માલધારીઓએ આજે દૂધ વિતરણ બંધ કરવાની જાહેરાત કરતાં શ્રાદ્ધ માટે જરૂરી દૂધ એકત્રિત કરવા લોકોએ મંગળવાર સાંજથી જ દોડાદોડી શરૂ કરી હતી. હાલ રાજકોટમાં ઠેર-ઠેર દૂધની ડેરીઓ પણ બંધ છે અને લોકોની પણ ભીડ સર્જાઈ નથી પરંતુ માલધારીઓનો ઉગ્ર વિરોધ ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

## જાલંધરની એક ખાનગી યુનિવર્સિટીમાં સ્ટુડન્ટે કર્યું સુસાઈડ

જાલંધર, મોહાલીની એક ખાનગી યુનિવર્સિટીમાં થયેલા સ્સ્જી કાંડ પછી થયેલો હોબાળો હજી શાંત થયો નથી ત્યાં જાલંધરની એક ખાનગી યુનિવર્સિટીની અંદર એક સ્ટુડન્ટે સુસાઈડ કરી લીધી છે. તેને લઈને યુનિવર્સિટી અંદર પણ દેખાવો થયા છે. કપૂરથલા પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે ખાનગી યુનિવર્સિટીમાં સાંજે ૫.૩૦ વાગ્યે એક સ્ટુડન્ટે આત્મહત્યા કરી લીધી હતી. તે પછીથી પોલીસે રૂમને સીલ કરી દીધો હતો. ત્યાંથી એક સુસાઈડ નોટ પણ મળી છે. જેમાં આત્મહત્યા કરનાર સ્ટુડન્ટે ઘણા કારણો લખ્યા છે. જે બાદ સ્ટુડન્ટ્સને શાંતિ જાળવવા અપીલ કરવામાં આવી અને મૃતક સ્ટુડન્ટના પરિવારના સભ્યોને આ ઘટના અંગે માહિતી આપવામાં આવી. પોલીસે કહ્યું કે આ મામલામાં જે પણ વધુ કાર્યવાહી કરવામાં આવશે, તે અંગે માહિતી આપવામાં આવશે.

## ચોરે ૩૫ ફૂટ ઊંચે વેપારીના ફ્લેટમાં ચઢી રૂ. ૨૧ લાખના ઘરેણા કરી ચોરી

સુરત, સિટીલાઈટ પર કાપડના વેપારીના ફ્લેટમાં ચોરો ૩૫ ફૂટ ઊંચાઈ પર લોખંડની ગ્રીલ અને પાળી ચઢી અંદર બેડરૂમમાં ઘુસી ૩૨ તોલાના ૨૧ લાખની કિંમતના દાગીનાની ચોરી કરી ભાગી ગયા હતા. સિટીલાઈટ મહેશ્વરી ભવનની સામે નેમીનાથ એપાર્ટમેન્ટમાં રહેતા પ્રિયાંક શાહ કાપડ અને લેસ પટ્ટીનો ધંધો કરે છે. ૨૦મીએ વેપારી પરિવાર સાથે સૂતા હતા. દરમિયાન સવારે ત્રાટકેલા તસ્કરોએ પહેલા-બીજા માળની લોખંડની ગ્રીલ અને બાલ્કનીની પાળી વાટે ત્રીજા માળે ફ્લેટમાં આવી માસ્તર બેડરૂમમાં ઘુસ્યો હતો. ચોરોએ કાચની બારીની સ્લાઈડીંગનું લોક તોડી અંદર ઘુસીને કબાટના તાળાં તોડી અંદરથી અલગ અલગ હીરાજડિત દાગીના ૩૨ તોલાના રૂ.૨૧.૦૭ લાખના ચોરી કરી ભાગી ગયો હતો. વેપારી કસરત કરવા માટે સવારે ઉઠયા ત્યારે સોફા પર જવેલરીના બોક્ષ પડેલા હતા. આથી તેઓ કબાટ ચેક કરતા તેમાં સોનાના ઘરેણાં ગાયબ હતા. આ અંગે વેપારીએ ઉમરા પોલીસમાં ફરિયાદ આપી છે. જેના આધારે પોલીસે ગુનો નોંધી સીસીટીવી કેમેરાના આધારે તપાસ શરૂ કરી છે. એક શખ્સ કેમેરામાં કેદ થયો છે. અન્ય બનાવમાં વેસુમાં સંશ્રેય રેસીડન્સીમાં રહેતા અને બાંધકામની સાઈડ પર પ્રોજેકટ મેનેજર તરીકે નોકરી કરતા ભુપેન પંચાલ ૧૧મીએ પિતાની શ્રાધ્ધ હોવાથી પરિવાર સાથે વાપી ગયા હતા. આ અરસામાં ત્રાટકેલા તસ્કરોએ ઘરમાં પૂજાખંડમાં રહેલા કબાટમાંથી સોના-ચાંદીના ઘરેણાં અને રોકડ મળી ૧.૩૦ લાખની ચોરી કરી ફરાર થયા છે. ઉમરા પોલીસ તપાસ કરી રહી છે. સિટીલાઈટ મહેશ્વરી ભવનની સામે નેમીનાથ એપાર્ટમેન્ટમાં રહેતા પ્રિયાંક શાહ કાપડ અને લેસ પટ્ટીનો ધંધો કરે છે. ૨૦મીએ વેપારી પરિવાર સાથે સૂતા હતા. દરમિયાન સવારે ત્રાટકેલા તસ્કરોએ પહેલા-બીજા માળની લોખંડની ગ્રીલ અને બાલ્કનીની પાળી વાટે ત્રીજા માળે ફ્લેટમાં આવી માસ્તર બેડરૂમમાં ઘુસ્યો હતો.

## અમદાવાદમાં પત્ની-સાસરિયાંના ત્રાસથી કંટાળીને યુવકે ફાંસો ખાઈ કરી લીધો આપઘાત

અમદાવાદ, સાબરમતીમાં રહેતા યુવકે તેની પત્ની-સાસરિયાંના ત્રાસથી ઘરમાં ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. યુવક પાસેથી સુસાઈડ નોટ મળી આવતા મૃતકના ભાઈએ સાબરમતી પોલીસ સ્ટેશનમાં મૃતકની પત્ની-સાસરિયાં વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

ચાંદખેડામાં ધીરજ પરમાર પોતાના પરિવાર તથા ભાઈ અશોક પરમાર સાથે રહે છે. અશોકના લગ્ન પાટણમાં રહેતી ભારતી સાથે થયા હતા, જો કે લગ્ન બાદ બંને વચ્ચે ઝઘડા થતાં થોડા દિવસ પહેલાં જ ભારતી પિયર જતી રહી હતી. દરમિયાન ધીરજભાઈ નોકરીએથી આવ્યા ત્યારે અશોક ઘરે હાજર ન હોઈ, તેને ફોન કર્યો, પરંતુ ફોન લાગતો ન હોઈ તેઓ સાબરમતી ઈન્દિરાનગર પાસેના ઘરે જઈને જોયું તો અશોક ધાબાની સીલિંગ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. ત્યારબાદ ધીરજભાઈએ પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માતે મોત થયાનો ગુનો નોંધ્યો હતો. અશોકની અંતિમવિધિ બાદ ધીરજને તેના ઘરમાંથી અશોકના હાથે લખેલી સુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં લખ્યું હતું કે,'ધનોરા ગામના તમામને મારું કેવાનું કે મારા પરિવારનો કોઈ દોષ નથી, મારા સાસરી પક્ષનો વાંક છે. એમણે એમની દીકરીને સમજાવી જ નથી. અંતે કંઈ સમજણ આપી હોત તો મારે આવું કરવાની જરૂર ના પડત. હું મારી પત્ની ભારતી સહિતના સાસરિયાંના કારણે આ પગલું ભરું છું.' આ અંગેની જાણ ધીરજભાઈને થતા તેમણે સાબરમતી પોલીસ સ્ટેશનમાં મૃતક અશોકની પત્ની-સાસરિયાં વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.


This is only an advertisement for information purposes and is not a prospectus announcement.

"Life is Growth"

# CARGOTRANS MARITIME LIMITED

**Corporate Identification Number: U63012GJ2012PLC069896**

Our Company was incorporated as "Cargotrans Maritime Private Limited" under the provisions of the Companies Act, 1956, pursuant to a certificate of incorporation dated April 16, 2012 issued by the Registrar of Companies, Gujarat, Dadra and Nagar Havelli. Thereafter, our Company was converted from private limited to public limited, pursuant to a special resolution passed by the shareholders of our Company on June 01, 2022 and the name of the Company was changed from "Cargotrans Maritime Private Limited" to "Cargotrans Maritime Limited" vide fresh certificate of incorporation dated June 06, 2022 issued by the Registrar of Companies, Ahmedabad, Gujarat.

**Registered office:** DBZ-S-61A, 2nd Floor, Shyam Paragon, Gandhidham, Kachchh – 370 201, Gujarat.
**Contact Person:** Chhayaben Mulani, Company Secretary & Compliance Officer
**Tel No:** +91-90999-35142 | **E-mail:** info@cargotrans.in | **Website:** www.cargotrans.in

**OUR PROMOTERS: EDWIN ALEXANDER, MANJU EDWIN, MATHEW JACOB AND B CHANDRASHEKHAR RAO**

## THE ISSUE

**INITIAL PUBLIC OFFER OF 10,80,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10/- EACH (THE "EQUITY SHARES") OF CARGOTRANS MARITIME LIMITED ("OUR COMPANY" OR "THE ISSUER" OR "CML") AT AN ISSUE PRICE OF ₹45 PER EQUITY SHARE FOR CASH, AGGREGATING UP TO ₹ 486.00 LAKHS ("PUBLIC ISSUE") OUT OF WHICH 60,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH, AT AN ISSUE PRICE OF ₹45 PER EQUITY SHARE FOR CASH, AGGREGATING ₹27.00 LAKHS WILL BE RESERVED FOR SUBSCRIPTION BY THE MARKET MAKER TO THE ISSUE (THE "MARKET MAKER RESERVATION PORTION"). THE PUBLIC ISSUE LESS MARKET MAKER RESERVATION PORTION I.E. ISSUE OF 10,20,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH, AT AN ISSUE PRICE OF ₹ 45 PER EQUITY SHARE FOR CASH, AGGREGATING UPTO ₹ 459.00 LAKHS IS HERE IN AFTER REFERRED TO AS THE "NET ISSUE". THE PUBLIC ISSUE AND NET ISSUE WILL CONSTITUTE 26.47% AND 25.00% RESPECTIVELY OF THE POST-ISSUE PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY.FOR FURTHER DETAILS, PLEASE REFER TO SECTION TITLED "TERMS OF THE ISSUE" BEGINNING ON PAGE 185 OF THE PROSPECTUS.**

**THIS ISSUE IS BEING MADE IN TERMS OF CHAPTER IX OF THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018 (THE "SEBI (ICDR) REGULATIONS"), AS AMENDED. IN TERMS OF RULE 19(2)(b)(i) OF THE SECURITIES CONTRACTS (REGULATION) RULES, 1957, AS AMENDED, THIS IS AN ISSUE FOR AT LEAST 25% OF THE POST-ISSUE PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY. THIS ISSUE IS A FIXED PRICE ISSUE AND ALLOCATION IN THE NET ISSUE TO THE PUBLIC WILL BE MADE IN TERMS OF REGULATION 253 OF THE SEBI (ICDR) REGULATIONS, AS AMENDED.**

**PROPOSED LISTING:** The Equity Shares offered through the Prospectus are proposed to be listed on the SME Platform of BSE Limited ("BSE SME") in terms of the Chapter IX of the SEBI (ICDR) Regulations 2018, as amended from time to time. Our Company has received an approval letter dated September 20, 2022 from BSE Limited ("BSE") for using its name in the Offer Document for listing of our shares on the SME Platform of BSE.

**DISCLAIMER CLAUSE OF SEBI:** Since the Issue is being made in terms of Chapter IX of the SEBI (ICDR) Regulations, 2018, the Draft Offer Document was not filed with SEBI. In terms of the SEBI Regulations, the SEBI shall not issue any observation on the Offer Document. Hence there is no such specific disclaimer clause of SEBI. However, investors may refer to the entire Disclaimer Clause of SEBI beginning on page177 of the Prospectus.

**DISCLAIMER CLAUSE OF BSE:** It is to be distinctly understood that the permission given by BSE Limited ("BSE") should not in any way be deemed or construed that the contents of the Prospectus or the price at which the equity shares are offered has been cleared, solicited or approved by BSE, nor does it certify the correctness, accuracy or completeness of any of the contents of the Prospectus. The investors are advised to refer to the Prospectus for the full text of the Disclaimer clause pertaining to BSE.

| LEAD MANAGER TO THE ISSUE | REGISTRAR TO THE ISSUE | COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER |
|---|---|---|
| **HEM SECURITIES LIMITED**<br>904, A Wing, Naman Midtown, Senapati Bapat Marg, Elphinstone Road, Lower Parel, Mumbai-400013, India<br>**Tel. No.:** +91- 022- 49060000<br>**Fax No.:** +91- 022- 22625991<br>**Website:** www.hemsecurities.com<br>**Email:** ib@hemsecurities.com<br>**Investor Grievance Email:** redressal@hemsecurities.com<br>**Contact Person:** Mr. Akun Goyal<br>**SEBI Regn. No.:** INM000010981 | **BIGSHARE SERVICES PRIVATE LIMITED**<br>S6-2, 6th Pinnacle Business Park, Mahakali Caves Road, next to Ahura Centre, Andheri East, Mumbai - 400093<br>**Tel. No.:** +91 – 22 – 6263 8200<br>**Fax No.:** +91 – 22 – 6263 8299<br>**Email:** ipo@bigshareonline.com;<br>**Website:** www.bigshareonline.com<br>**Investor Grievance Email:** investor@bigshareonline.com<br>**Contact Person:** Mr. Aniket Chindarkar<br>**SEBI Registration No.:** INR000001385<br>**CIN:** U99999MH1994PTC076534 | "Life is Growth"<br>**CARGOTRANS MARITIME LIMITED**<br>**Ms. Chhayaben Mulani**<br>DBZ-S-61A, 2nd Floor, Shyam Paragon, Gandhidham, Kachchh – 370 201, Gujarat<br>**Tel. No.:** +91-90999-35142<br>**Email:** info@cargotrans.in<br>**Website:** www.cargotrans.in/<br>Applicants can contact the Compliance Officer or the LM or the Registrar to the Issue in case of any Pre-Issue or Post- Issue related problems, such as non-receipt of Allotment Advice or credit of allotted Equity Shares in the respective beneficiary account or unblocking of funds etc. |

**CREDIT RATING** – Not applicable
**DEBENTURE TRUSTEES** – Not applicable
**IPO GRADING** – Not applicable
**BASIS FOR ISSUE PRICE** – The Issue price is determined in consultation with the Lead Manager. The financial data presented in Section "Basis for Issue price" on page no. 73 of the Prospectus are based on the Restated Consolidated Financial Statements.
**BANKER TO THE ISSUE AND SPONSOR BANK:** AXIS BANK LIMITED
**AVAILABILITY OF APPLICATION FORMS:** The Application Forms and copies of the Prospectus may be obtained from the Registered Office of Cargotrans Maritime Limited, Lead Manager: Hem Securities Limited. Application Forms will be available at the selected location of registered brokers, Banker to the Issue, RTA and Depository Participants. Application Forms can be obtained from the website of Stock Exchange and the Designated Branches of SCSBs, the list of which is available on the website of SEBI at www.sebi.gov.in and website of Stock Exchange at www.bseindia.com.
**UPI:** Retail Individual Bidders can also Bid through UPI Mechanism.
**LINK TO DOWNLOAD ABRIDGED PROSPECTUS: http://www.cargotrans.in/uploads/Abridged.pdf**
**AVAILABILITY OF PROSPECTUS:** Investors should note that investment in Equity Shares involves a high degree of risk and investors are advised to refer to the Prospectus and the Risk Factor contained therein, before applying in the Issue. Full copy of the Prospectus will be available at the website of SEBI at www.sebi.gov.in; the website of the Stock Exchange at www.bseindia.com and the website of Lead Manager at www.hemsecurities.com

**THE FACE VALUE OF THE EQUITY SHARES IS ₹10 EACH AND THE ISSUE PRICE IS ₹45/- PER EQUITY SHARE. THE ISSUE PRICE IS 4.50 TIMES THE FACE VALUE**

| ISSUE PROGRAMME | OPENS ON: TUESDAY, SEPTEMBER 27, 2022 |
|---|---|
| | CLOSES ON:THURSDAY, SEPTEMBER 29, 2022 |

**MINIMUM APPLICATION SIZE OF 3,000 EQUITY SHARES AND IN MULTIPLES OF 3,000 EQUITY SHARES THEREAFTER**

**RISK IN RELATION TO THE FIRST ISSUE:** This being the first issue of Equity Shares of our Company, there has been no formal market for the Equity Shares of our Company. The Issue Price should not be taken to be indicative of the market price of the Equity Shares after the Equity Shares are listed on the SME Platform of BSE. No assurance can be given regarding an active and/or sustained trading in the Equity Shares of our Company or regarding the price at which the Equity Shares will be traded after listing.

**GENERAL RISK:** Investments in Equity and Equity-related securities involve a degree of risk and investors should not invest any funds in this Issue unless they can afford to take the risk of losing their entire investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in the Issue. For taking an investment decision, investors must rely on their own examination of our Company and the Issue including the risks involved. The Equity Shares issued in the Issue have not been recommended or approved by the Securities and Exchange Board of India ("SEBI"), nor does SEBI guarantee the accuracy or adequacy of the Prospectus. Specific attention of the investors is invited to the section "Risk Factors" beginning on page 24 of Prospectus.

| ASBA* | **Simple, Safe, Smart way of Application- Make use of it!!!**<br>***Applications Supported by Blocked Amount (ASBA) is a better way of applying to issues by simply blocking the fund in the bank account, investors can avail the same. For details, check section on ASBA below. Mandatory in Public Issues from January 01, 2016**<br>**No Cheque will be accepted** |
|---|---|
| UPI UNIFIED PAYMENTS INTERFACE | **now available in ASBA for retail individual investors.**** |

*ASBA is a better way of applying to issues by simply blocking the fund in the bank account. For further details check section on ASBA below.
*ASBA has to be availed by all the investors. UPI may be availed by Retail Individual Investors.
**UPI is now available in ASBA for all individual investors applying in public offers where the application amount is up to ₹500,000.

For details on the ASBA and UPI process, please refer to the details given in ASBA form and abridged prospectus and also please refer to the section **"Issue Procedure"** beginning on page 194 of the Prospectus. The process is also available on the website of AIBI and Exchanges in the General Information Document."

ASBA application forms can be downloaded from the website of BSE and can be obtained from the list of banks that is displayed on the website of SEBI at www.sebi.gov.in. List of banks supporting UPI is also available on the website of SEBI at www.sebi.gov.in.

Applicants should ensure that DP ID, PAN and the Client ID are correctly filled in the Application Form. The DP ID, PAN and Client ID provided in the Application Form should match with the DP ID and Client ID available in the Depository database, otherwise, the Application Form is liable to be rejected. Applicant should ensure that the beneficiary account provided in the Application Form is active. Applicants should note that on the basis of the PAN, DP ID and Client ID as provided in the Application Form, the Applicant may be deemed to have authorized the Depositories to provide to the Registrar to the Issue, any requested Demographic Details of the Applicant as available on the records of the depositories. These Demographic Details may be used, among other things, for any correspondence(s) related to the Issue. Applicants are advised to update any changes to their Demographic Details as available in the records of the Depository Participant to ensure accuracy of records. Any delay resulting from failure to update the Demographic Details would be at the Applicants' sole risk.

**ADDITIONAL INFORMATION AS REQUIRED UNDER SECTION 30 OF THE COMPANIES ACT, 2013**

**MAIN OBJECTS OF THE COMPANY AS PER MOA:** For information on the main objects and other objects of our Company, see "History and Certain Corporate Matters" on the Prospectus and Clause III of the Memorandum of Association of our Company. The Memorandum of Association of our Company is a material document for inspection in relation to the Issue. For further details, see the section **"Material Contracts and Documents for Inspection"** on page 252 of the Prospectus.

**Liability of Members as per MOA:** The Liability of the members of the Company is Limited.

**Capital Structure:** Authorized Capital of ₹ 4,50,00,000 consisting of 45,00,000 Equity Shares of ₹10 each.

Pre-Issue Capital: Issued, Subscribed and Paid-up Capital of ₹3,00,00,000 consisting of 30,00,000 Equity Shares of ₹10 each. Post Issue Capital: Issued, Subscribed and Paid-up Capital ₹4,08,00,000 consisting of 40,80,000 Equity Shares of ₹10 each. For details of the Capital Structure, please refer to the chapter titled **"Capital Structure"** beginning on page 51 of the Prospectus.

**Names of the signatories to the Memorandum of Association of the Company and the number of Equity Shares subscribed by them:** Given below are the names of the signatories of the Memorandum of Association of the Company and the number of Equity Shares subscribed by them at the time of signing of the Memorandum of Association of our Company: (1) Mr. Edwin Alexander: 9,000 Equity share of ₹10 each, (2) Mrs. Manju Edwin: 1000 Equity share of ₹10 each. Details of the main objects of the Company as contained in the Memorandum of Association, see *"History and Certain Corporate Matters"* on page 102 of the Prospectus. For details of the share capital and capital structure of the Company see *"Capital Structure"* on page 51 of the Prospectus.

**All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as prescribed to them in the Prospectus dated September 21, 2022.**
**Investors should read the Prospectus carefully, including the Risk Factors on page 24 of the Prospectus before making any investment decision.**

For and on behalf of the Board of Directors
**Cargotrans Maritime Limited**
Sd/-
**Place:** Gandhidham, Gujarat
**Date:** September 22, 2022
**Chhayaben Mulani**
**Company Secretary & Compliance Officer**

**Disclaimer:** Cargotrans Maritime Limited is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make a Public Issue of its Equity Shares and has filed the Prospectus with the Registrar of Companies, Ahmedabad, Gujarat. The Prospectus shall be available on the websites of the Company, the BSE and the LM at www.cargotrans.in, www.bseindia.com and www.hemsecurities.com, respectively. Applicants should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, see the Prospectus, including, the section titled "Risk Factors" beginning on page 24 of the Prospectus.

The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act 1933, as amended (the "Securities Act") or any state securities laws in the United States and may not be offered or sold within the United States or to, or for the account or benefit of, "U.S. persons" (as defined in Regulation S of the Securities Act), except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the Securities Act. Accordingly, the Equity Shares will be offered and sold (i) in the United States only to "qualified institutional buyers", as defined in Rule 144A of the Securities Act, and (ii) outside the United States in offshore transactions in reliance on Regulations under the Securities Act and in compliance with the applicable laws of the jurisdiction where those offers and sales occur.

The Equity Shares have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India and may not be offered or sold, and Applicants may not be made by persons in any such jurisdiction, except in compliance with the applicable laws of such jurisdiction.

Raka